# ગ્રામ્ય નારીઓના માથેથી બેડાંનો બોજ ઉતારવો જ રહ્યો..

**ટેંકર રાજ ખતમ કરનાર રાજ્યમાં આ પહેલ આવકાર્ય : સ્વચ્છ પાણી અને શૌચાલયની સુવિધા : રાજ્યની તિજોરીના ઘણાં નાણાં બચાવી શકે!**




છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં ટેન્કર રાજ લગભગ નામશેષ થયું છે. અત્યારના સમયમાં એકલ દોકલ તાલુકાના અંતરિયાળ ગામોમાં ઉનાળાના દિવસોમાં જ ટેન્કરથી પાણી આપવું પડે છે પહેલાં જે રીતે ગ્રામીણ લોકોને પીવાનું અને ઘર વપરાશનું પાણી પૂરું પાડવા માટે સરકારે ટેન્કર દોડાવવા પડતા હતા તેમાં ખાસ્સો સુધારો આપણે કરી શક્યા છીએ. સ્વૈચ્છિક સંગઠનો અને રાજ્ય સરકારની કામગીરીનું આ પરિણામ છે. પરંતુ બીજી તરફ કેટલાક ચોક્કસ લક્ષ્યાંકો આવી જ રીતે કોઈની સાથે જોડવામાં આવે તો આપણે વધારે સારો સામાજિક વિકાસ હાંસલ કરી શકીએ એમ છીએ. અને એ છે ગામડાંઓને રોગમુક્ત કરવાનો પ્રયાસ કરવાથી. જો ગામડાંઓને રોગમુક્ત કરી શકીએ તો રાજ્યની તિજોરીનાં ઘણા નાણાં બચાવી શકાય અને સાથોસાથ વ્યક્તિગત રીતે આરોગ્ય પાછળ વેડફાતા પૈસા પણ આપણે બચાવી શકીએ. જો આપણે સ્વચ્છ ભારત બનાવવું હોય તો કેટલીક વૈયક્તિક અને સાર્વજનિક બાબતોમાં બદલાવ લાવવો પડે એ જરૂરી છે. જો આપણે ઘરે ઘરે પીવાનું શુદ્ધ પાણી પહોંચાડી શકીએ તો અનેક રોગોને આપણે દેશવટો આપી શકીએ એમ છે માત્ર એટલું જ નહીં પરંતુ બાળ મૃત્યુદર ઘટી શકે, આયુષ્યની ધારણાં વધી શકે અને મા – બાળક તો ખરાં જ પણ એ સિવાયના ગ્રામીણોના સ્વાસ્થ્ય પણ સુધારી શકાય. શહેરોમાં તો ઘણા ભાગે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય છે પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં હજુ આ સ્થિતિ સુધી આપણે પહોંચી શક્યા નથી . જેમ ઘર સુધી શુધ્ધ પાણીનો પ્રશ્ન પરિવારોને મૂંઝવી રહ્યો છે તેવી જ રીતે તેમનો બીજો એક પ્રશ્ન શૌચાલય પણ છે. પીવાના પાણીની સાથે ઘરમાં જ અથવા તો ઘર આંગણે જ શૌચાલય ની સુવિધા પહોંચવી જોઈએ તો અનેક આરોગ્યના પ્રશ્નો આપણે ઉગતા જ ડામી શકીએ.

સેન્સસ રિપોર્ટ માં દર્શાવ્યા મુજબ ૨૦૧૧ ની સ્થિતિએ ગાંધીનગરના કુલ એક લાખ સાંઈઠ હજાર ગ્રામીણ પરિવારો પૈકી એક લાખ પંદર હજાર જેટલા ગ્રામીણ પરિવારોના નસીબમાં પીવાનું ચોખ્ખું પાણી નથી. કુલ વસ્તીમાંથી માત્ર ૫૭૦૭૨ પરિવારના સદસ્યોને જ નળ વાટે પીવાનું ચોખ્ખું પાણી ઉપલબ્ધ થાય છે. આ સ્થિતિ આપણે ટકાવારીની દૃષ્ટિએ જોઈએ ૬૪ ટકા ગ્રામીણ પરિવારો એવા છે જેમને શુદ્ધ કરેલું પીવાનું પાણી મળતું નથી. અરે એમના ઘર સુધી નળના સહારે પાણી પહોંચતું જ નથી, પીવાના શુધ્ધ પાણીની વાત તો તેમના માટે મૃગજળ સમાન છે. નળ વાટે ચોખ્ખું પાણી નથી મળતુ એવા આ છેવાડાના પરિવારની સ્ત્રીઓને દરરોજ ઘરથી દૂર કુવા, ડંકી બોરવેલ કે સાર્વજનિક નળ દ્વારા પીવાનું પાણી ભરવા જવું પડે છે. હવે વાવડી તો રહી નથી પણ પનિહારીને પાણી ભરવા જતાં 'કેરના કે અન્ય કાંટા વાગ્યાનું દુઃખ' તો સહન કરવું જ પડે છે. સામાજિક માળખામાં સ્ત્રી-પુરુષને સમાન બનાવવામાં તો હજુ વર્ષો જશે પણ સરકારે તો સરકારી માળખામાં સ્ત્રીના માથેથી બેડાંની પીડા દૂર કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ ને!. પીવાના શુદ્ધ પાણી

● અનુસંધાન પાન-૫ પર



ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે શનિ-રવિ દરમિયાન રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'હેલ્લારોના વિશેષ સ્ક્રીનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સિનેમેક્સ અને આઈનોક્સ આર-૧૬ અને આર-૨૧માં બે દિવસ દરમિયાન ૩૨ જેટલા સ્પેશીયલ શૉ માં ફોરમના સભ્યોએ 'હેલ્લારો'ની મજા માણી હતી. ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ને ભારત સરકાર દ્વારા શ્રેષ્ઠ ફિલ્મનો સુવર્ણ કમળ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. પદ્માવત, અંધાધૂંધ, બધાઈ હો અને ઉરી જેવી મોટી ફિલ્મોને મ્હાત કરીને ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'એ શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મેળવ્યો છે. આ ફિલ્મની ૧૩ અભિનેત્રીઓને એકી સાથે શ્રેષ્ઠ અભિનય માટે રાષ્ટ્રીય સ્તરે સ્પેશ્યલ જ્યુરી એવોર્ડ પણ મળ્યો છે. 'હેલ્લારો'માં ગાંધીનગરના અભિનેતા મૌલિક નાયક મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તો ગાંધીનગર કલ્ચરલ ફોરમની સ્કૂલ ઓફ એક્ટીંગની નાની વિદ્યાર્થીની પ્રાપ્તિ મહેતા પણ 'હેલ્લારો'માં 'સીતા'ની મહત્વની ભૂમિકામાં છે, પ્રાપ્તિ પણ એવોર્ડ વિજેતા ૧૩ અભિનેત્રીઓ પૈકીની એક છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાયેલા 'હેલ્લારો'ના સ્પેશિયલ સ્ક્રીનીંગ દરમિયાન આ ફિલ્મની મુખ્ય અભિનેત્રી શ્રધ્ધા ડાંગર (મંજરી), આર્જવ ત્રિવેદી (અરજણ), મૌલિક નાયક (ભગલો), બ્રિન્દા ત્રિવેદી (કેસર), કિશન ગઢવી (રાવજી) અને પ્રાપ્તિ મહેતા (સીતા)એ વિશેષ હાજરી આપીને પ્રેક્ષકોનો આભાર માન્યો હતો. પ્રેક્ષકોએ પણ કલાકારો સાથે મોકળા મને વાતો કરી હતી.

# ધો. ૬ થી ૮ ના ગણિત-વિજ્ઞાન વિષયમાં QR કોડથી શિક્ષણનો નવતર અભિગમ બાળકોમાં લોકપ્રિય બન્યો

**૧૧ લાખ ૭૦ હજાર બાળકો આ કોડનો ઉપયોગ કરી રહ્યા છે : ૪૨ હજાર કલાકથી વધારે આ એપ પ્લે થઈ છે : શિક્ષણ વિભાગે ટ્યુશન પ્રથાને નાથવા તેના મૂળમાં જ ઘા આ નવતર અભિગમ થકી કર્યો છે : એપમાં ખાસ એંગેજીંગ વિડીયો સૌથી લોકપ્રિય છે જે બાળકોને મનભાવન બન્યો છે**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે ટ્યુશન પ્રથાને નાથવા તેમજ બાળકો ગણિત-વિજ્ઞાનમાં નબળા છે તે માન્યતા દૂર કરવા માટે ધો. ૬ થી ૮ના ગણિત અને વિજ્ઞાનના પુસ્તકોમાં ખાસ ક્યુઆર કોડ છાપી બાળકોને ગુણવત્તાસભર શિક્ષણની સાથે સાથે જ્ઞાન સજ્જ કરવાનો વિકલ્પ અજમાવ્યો છે.

પાઠ્યપુસ્તકના કવર પેજના બીજા પાને જ ક્યુઆર કોડનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સાદી અને સરળ ભાષામાં સમજૂતી આપવામાં આવી છે જે બાળકને ગુણવત્તાસભર શિક્ષણ માટેના નવા દ્વાર ખુલે છે.

જીસીઆરટી દ્વારા આ નવતર અભિગમનો અમલ આ વર્ષથી જ કરાયો છે અને બાળકોમાં દેખાયેલી જ્ઞાનભૂખથી પ્રોત્સાહિત થયેલ તંત્રએ આ પ્રયોગને વધુ આગળ ધપાવવાની દિશામાં વિચારણા હાથ ધરવા મજબુર કર્યા છે.

''ગ્રોવર દિક્ષા''ની આખી એપ તૈયાર કરવામાં આવી છે. જેનું ગુજરાતી થાય છે ગુજરાત રિસોર્સીંગ ઓફ ઓપન એન્ડ વાઈડર એજ્યુકેશનલ રિસોર્સીઝ. દિક્ષા એપ આ માટેનુ પ્લેટફોર્મ છે. જેનો અર્થ છે ડીજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર નોલેજ શેરીંગ, આને નેશનલ ટીચર પ્લેટફોર્મ તરીકે પણ ઓળખવામાં આવે છે.

હવે આપણે મૂળ વાત પર આવીએ તો ધો. ૬ થી ૮ના ગણિત-વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં ત્રણ પ્રકારના ઊઈ કોડ છાપવામાં આવ્યા છે. પહેલો ઊઈ કોડ ટેકસબુક લેવલનો છે. જે ખોલવાથી આખે આખી ટેકસબુક મોબાઈલ પર સરળતાથી ઉપલબ્ધ થઈ જાય છે.

બીજો ઊઈ કોડ ચેપ્ટર લેવલ પર છે. જેમાં ચેપ્ટરમાં છપાયેલી



તમામ વિગતો ઉપલબ્ધ થાય છે. જ્યારે ત્રીજો ક્યુઆર કોડ ટોપીક લેવલ પર છે. જેમાં ટોપીક ખુલે અને તેના વિશેની તમામ વિગતો ઉપલબ્ધ બને છે.

આ ઊઈ કોડ ખુલ્યા પછી તેની મધ્યમાં એક એંગેજીગ વિડીયો પ્લે થાય છે. જે સ્ટેટ રિસોર્સ ગૃપ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં સ્ટોરી મોડીંગ થાય છે.

બીજી ડીજીટલ સ્ટુલ જોવા મળે જેમાં પાવર પોઈંટ ઈનસ્કેપ, એનીમેશન એક્સપ્લેઈન કરવામાં આવ્યુ છે. આ વિડીયોનું રેકોર્ડીંગ બાયસોગની મદદથી કરવામાં આવ્યુ છે.

આ વિડીયો શિક્ષકો અને બાળકો દ્વારા યુઝ વધુ થતા જોવા મળી રહ્યા છે. જેમ કે ક્લાસ શરૂ થતા પહેલાં અને પછી, બાળકને રિવીઝન કરવામાં સરળતા રહે છે તેમજ શિક્ષક પણ બાળકની ક્ષમતા પ્રમાણે ક્લાસનું પ્લાન કરી શકે છે.

આ વિડીયોમાં પ્રેક્ટીકલ પ્રશ્નો પણ મુકવામાં આવ્યા છે જેનાથી બાળકના મગજમાં આખી વાત બરાબર રીતે સેટ થઈ જાય છે.

જીસીઆરટીના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે કે ઊઈ કોડ સિસ્ટમથી અભ્યાસની વાત દેશના ૨૮ રાજ્યોએ સ્વીકારી છે એટલુ જ નહિ તે અમલમાં મુકેલ છે.

ગુજરાતમાં હાલ ધો. ૬ થી ૮ માં ૨૧ લાખ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ સરકારી સંસ્થાઓમાં ભણતા બાળકો છે પરંતુ આ પ્રથાને ખુબજ જોરદાર પ્રતિસાદ સાંપડ્યો છે અને ૧૧ લાખ ૭૦ હજાર બાળકો-શિક્ષકોએ તેનો ઉપયોગ અત્યાર સુધીમાં કર્યો છે એટલુ જ નહિ પણ સૌથી વધુ વિક્રમજનક વાત એ છે કે ૪૨ હજાર કલાકથી પણ વધુ આ એપ પ્લે થઈ છે.

શાળાકીય શિક્ષણ પછી પણ આ એપ નિયમિત રીતે ત્રણ થી ચાર હજાર સ્કેન કરી યુઝ કરાઈ હોવાનું અભ્યાસમાં ધ્યાને આવ્યુ છે.

ગુજરાતનુ બાળક ગણિત-વિજ્ઞાનના વિષયમાં નબળુ ના રહે તેમજ તેની જ્ઞાન-ભૂખ સંતોષાય તે દિશામાં આ પ્રયોગ સફળ રહ્યો છે. પ્રથમ સત્ર પૂર્ણ જરૂર થયુ છે પરંતુ હજુ બીજા સત્રનો અંતે તેની સફળતાનો સાચો આંક જોવા મળશે.

● અનુસંધાન પાન-૫ પર

# આવતીકાલથી સે. ૪ ઓમકારેશ્વર મંદિરે શ્રીમદ્ ભાગવદ કથા સપ્તાહ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૪માં ઓમકારેશ્વર મંદિરના મેદાનમાં શ્રી મા બુટભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આગામી તા. ૧૨મી નવેમ્બરથી ૧૮મી નવેમ્બર દરમ્યાન કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવત કથા દરરોજ બપોરે ૨ થી ૫ કલાક દરમ્યાન યોજાશે જેનો લાભ સેક્ટર-૪ તથા તેની આસપાસના તમામ સેક્ટર્સ સહિતના વિસ્તાર તેમજ ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને લેવા માટે આયોજકો તથા સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાત દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સેક્ટર-૪ ઓમકારેશ્વર મંદિરે યોજાનાર શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ તા. ૧૨મી નવેમ્બરે બપોરે ૧ કલાકે ભવ્ય ભવ્ય પોથીયાત્રાથી થશે જે સે. ૪ના રહેવાસી જનકબા રતનસિંહ વાઘેલાના નિવાસસ્થાનેથી વાજતેગાજતે નીકળશે. કથા દરમ્યાન તા. ૧૫મી નવેમ્બરે દર્શનાબેન ઉપાધ્યાય દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે અને તા. ૧૭મી નવેમ્બરે મા બુટભવાની આનંદ ગરબા મંડળ દ્વારા કૃષ્ણ-રૂકમણી વિવાહ પ્રસંગે ઉજવાશે. તા. ૧૮મી નવેમ્બરે સોમવારે કથા વિરામ પામશે. તે પ્રસંગે વોર્ડ નં. ૮ના સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાત દ્વારા ચોખ્ખા ઘીનો મહાપ્રસાદ ધરાવાશે. સમગ્ર ભક્તિમય ધાર્મિક આયોજનનો લાભ લેવા નગરસેવક તથા મા બુટભવાની આનંદગરબા મંડળ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.



...ને બાધા પુરી - રામમંદિરના નિર્માણ માટેનો માર્ગ મોકળો થતાં ૨૯ વર્ષથી મિઠાઈ નહિ ખાવાની બાધા રાખી આધ્યાત્મિક સંકલ્પ બળ ઉભું કરનાર રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને આજે ગુજરાતના પ્રસિદ્ધ સંતો-મહંતો દ્વારા મિઠાઈ ખવડાવી બાધા પુરી કરી હતી... જગન્નાથ મંદિરના મહંત પૂજ્ય દિલીપદાસજી, જાણીતા કથાકાર પૂજ્ય ચૈતન્ય શંભુ મહારાજ અને પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના આચાર્યશ્રીએ શ્રી ભૂપેન્દ્રસિંહને મિઠાઈ ખવડાવી બાધા પુરી કરાવી હતી.

# આગામી ૨૦મી નવેમ્બરને આવાસ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય

**ભારત સરકારની સૂચના પછી રાજ્ય સરકાર પણ હરકતમાં આવી**

ગાંધીનગર, તા. ૧૦

આગામી ૨૦મી નવેમ્બરને આવાસ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

સરકારના પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ આવાસ દિવસની ઉજવણી અંગેની સંપૂર્ણ જવાબદારી વિકાસ કમિશ્નર ગ્રામવિકાસને સોંપવામાં આવેલ છે.

આ સૂત્રોમાંથી જણાવ્યાનુસાર ૨૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ આગ્રા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) શરૂ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના એ કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના છે. આ યોજનાનો હેતુ ૨૦૨૨ સુધીમાં તમામને ઘર આપવાનો છે.

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયે પણ આ યોજનાના પ્રારંભની સ્મૃતિમાં ૨૦મી નવે.ના રોજ પ્રતિ વર્ષ આવાસ દિવસ તરીકે ઉજવણી માટે નિર્ધારીત કરવામાં આવેલ છે. આથી રાજ્યકક્ષાએ તેમજ જિલ્લાકક્ષાએ તેમજ ગ્રામીણસ્તરે તેની ઉજવણી થાય તે જોવા પણ ભારત સરકારના મંત્રાલયે જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ દિવસે પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસોનું લોકાર્પણ, ભૂમિપૂજન તેમજ ૨૦૧૯-૨૦ના બાકી રહેલા લક્ષ્યાંકોમાં જે મંજૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની હોય તે પૂર્ણ કરવા સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

આ ઉપરાંત બેંકર્સ સાથે રાખી આ આવાસ લોન મેળાનું પણ આયોજન કરવા માટે સૂચવવામાં આવ્યું છે.

સરકારકક્ષાએ પણ આ દિશામાં ખુબ જ વિસ્તૃત ચર્ચાઓ થઈ છે અને રાજ્યકક્ષાના કાર્યક્રમનું સ્થળ તેમજ આયોજન હાથ ધરવામાં આવ્યાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# વિજય રૂપાણીએ રામચન્દ્ર આશ્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૦

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આણંદ જિલ્લારના તારાપુર ખાતે યોજાયેલા જન વિકાસ ઝુંબેશ કાર્યક્રમમાં ૧૭ હજારથી વધુ લાભર્થીઓને સરકારની વિવિધ યોજનાઓના લાભો હાથહાથ અર્પણ કર્યા બાદ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના અગાસ ખાતે આવેલ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાતે આવી પહોંચતા આશ્રમના સંચાલકો અને ટ્રસ્ટીશ્રીઓએ તેમનું સ્વાચગત કર્યું હતું. અગાસ ખાતે આવેલ આવેલ આ આશ્રમ સંવત ૧૯૭૬માં કારતક સૂદ-૧૫ના જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની સ્થાંપના કરવામાં આવી હતી. આ આશ્રમની સ્થામપનાનો ઉદ્દેશ આત્માટર્થી મુમુક્ષો ધર્મ પામે તથા ધ્યામન અને સાધના કરી શકે તેવો હતો.

**દુકાન ભાડે આપવાની છે**

પ્રમુખ એબોડ, ૪૯૨ સ્કવેર ફીટ, પહેલો માળ, સૂર્યા સર્કલ પાસે, સરગાસણ, ગાંધીનગર

(દલાલ માફ)

મો. ૯૪૨૯૬ ૧૯૫૨૧
મો. ૮૪૮૮૮ ૮૦૨૮૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

## પ્રાર્થના સભા



અમારા નાનાભાઈ **કેતન વસંતલાલ** પટેલનું દુઃખદ અવસાન તા. ૮/૧૧/૨૦૧૯ના રોજ થયેલ છે. તેમના સદ્ગત આત્માને શાંતિ આપવા **તા. ૧૧/૧૧/૧૯ના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે તેમના નિવાસસ્થાને શાંતિ સભાનું** આયોજન કરવામાં આવેલ છે.

**નિવાસસ્થાન : એ-૩૨, શાંતિવન ફ્લેટ્સ, ક-રોડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ઉપર, વાવોલ, ગાંધીનગર**

લિ.

જીતેન્દ્ર વ. પટેલ (મોટાભાઈ) — ગિરીશ વ. પટેલ (મોટાભાઈ)
ગં.સ્વ. દક્ષા કેતન પટેલ (પત્ની) — નિલમ જીગર શાહ (પુત્રી)
જીગર અશોકભાઈ શાહ — સુહાનીકેતન પટેલ (પુત્રી)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com